જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૧/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૨ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૦૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૦૯/૨૦૨૫**

સેટેલાઈટઃ પ્રતિક બિપીનભાઇ શાહ (ઉ.વ.૪૧) (રહે. હરી હરાષૂય બંગલો બાગબાગ ચાર રસ્તા બોડકદેવ) એ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રતિક શાહના પિતા વટવા જીઆઈડીસી ખાતે કેમીકલ ટ્રેડીંગનો વ્યવસાય કરતા હોય તેમજ સને–૨૦૨૨ માં ઓફીસમાં કામ કરતા મનિષ પ્રિયકાન્ત મહેતા (રહે. સાકાર ટેનામેન્ટ કેડીલા બ્રીજ પાસે ઘોડાસર) નાઓએ કેમીકલ ટ્રેડીંગનો વ્યવસાય કરવાનું જણાવી આર્થિક મદદ માંગી તેમજ જે નફો થશે જેમાંથી અમુક ભાગ તેઓને આપશે તેમ જણાવી પ્રતિક શાહના પિતા પાસેથી તેમજ પ્રતિક શાહ પાસેથી ઘી કાલુપુર કોમર્શીયલ કો.ઓ.બેંક જોધપુર ચાર રસ્તા બ્રાન્ચમાંથી પૈસા લીધા હતા, જે પૈકી બાકી નિકળતા રૂપિયા ૬૦,૦૦,૦૦૦/– આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અજીતસંગ ભરતસંગ ચલાવે છે.

નારોલઃ બ્રિજેશ શિવરામ મૌર્ય (ઉ.વ.૪૩) (રહે. પુષ્પક શારદા સોસાયટી ખારાવાલા કંપાઉન્ડ પાછળ ઇસનપુર વટવા રોડ નારોલ) એ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બ્રિજેશ મૌર્ય નાઓ નારોલ ખાતે ગૃહ ઉદ્યોગ ચલાવી ધંધો કરતા હોય જેઓએ માહે ડિસેમ્બર ૨૦૨૪ માં ગાંધીનગર ખાતે ગૃહ ઉદ્યોગનું પ્રદર્શન રાખેલ હતુ. ત્યારબાદ તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ મોબાઈલ નંબર ૮૩૪૭૭૮૧૦૬૬ ના ધારકે બ્રિજેશ મૌર્ય નાઓને ફોન કરી ધવલ પટેલ નામ જણાવી તેઓએ ગાંધીનગર ખાતે ગૃહ ઉદ્યોગના પ્રદર્શન વખતે બ્રિજેશ મૌર્ય નાઓનો મોબાલ નંબર મેળવેલ અને પોતે ચાઇના ખાતે કેન્ટેનફેર નું આયોજન કરેલ હોય જે કેન્ટેનફેર જોવા માટે જવું હોય તો સેટીંગ કરી આપવાની વાત કરતા બ્રિજેશ મૌર્ય એ કેન્ટેનફેર જોવા માટે જણાવતા તેઓએ હોટલ બુંકિગ તેમજ વિઝા અને ફ્લાઈટની ટીકિટ ખર્ચ પેટે એડવાન્સ પેટે રૂપિયા ૫૦,૦૦૦/– આપવા પડશે તેમ કહેતા બ્રિજેશ મૌર્ય એ તેઓના ખાતામાં ઓનલાઇન રૂપિયા ૫૦,૦૦૦/– ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તેઓએ ફોન બંધ કરી દીધો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.સી.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૧૦/૨૦૨૫**

ખોખરાઃ ચિરાગભાઇ કાંતીભાઇ ખંભાયતા (રહે. દેવીકૃપા સોસાયટી પવિત્રકુંજ સોસાયટીની બાજુમાં સી.ટી.એમ.ખોખરા) એ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૫ રાતના ૦૮/૦૦ થી તા.૧૩/૧૧/૨૦૨૫ કલાક ૦૮/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખોખરા સી.ટી.એમ. માનસી હોન્ડા શો–રૂમની બાજુમાં વલ્લભ ઇન્ડસ્ટ્રીઝ નામની પોતાની ફેકટરીમાં અજાણી વ્યકિત પ્રવેશ કરી ફેકટરીમાંથી કોપરના પાઇપની રીંગ નંગ–૭૦ કિમત રૂપિયા ૧,૬૫,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.વી.સી.પરમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૬૧૧/૨૦૨૫**

સરખેજઃ દિપીકાબહેન વા/ઓ મહેશભાઇ વાઘેલા (ઉ.વ.૨૮) (રહે.વાલ્મીકીવાસ, રામાપીરના મંદિર પાસે, ચાંગોદર ગામ. તા.સાણંદ જી.અમદાવાદ) એ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દિપીકાબહેન વાઘેલા તથા તેમની બહેન બાળકો સાથે તા.૦૫/૧૧/૨૦૨૫ ના રોજ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ પીયરથી પોતાની સાસરીમાં જવા સારુ રીક્ષામા બેસી સરખેજ ઢાળ ખાતે ઉતરેલ અને ત્યાથી બીજી રીક્ષામાં બેસી કૃષ્ણધામ ઓડાના મકાન ખાતે જવા દીપીકાબહેન રિક્ષા ચાલકની બાજુમાં બેઠા હતા અને તેમની બહેન બાળકો સાથે પાછળની સીટમાં બેઠા હતા. જે રિક્ષામાં પહેલેથી બે સ્ત્રી અને એક પુરૂષ બેઠેલ હતા તેથી ભીડ હોય દિપીકાબહેન પાસેનો થેલો રિક્ષામાં પાછળ બેસેલ તેમની બહેનના પગમાં મુકેલ. ત્યારબાદ મકરબા ચાર રસ્તા નજીક પહોચતા રિક્ષા ચાલકે રિક્ષા ઉભી રાખી દિપીકાબહેન અને તેમની બહેન નાઓને રિક્ષામાંથી ઉતારી દીધેલ અને જણાવેલ કે તમે અહી ઉભા રહો આ પેસેન્જરોને આગળ ઉતારીને તમને પાછો લેવા આવું છું તેમ કહી રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ બે સ્ત્રી અને એક પુરૂષ એ નજર ચુકવી દિપીકાબહેનના થેલામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૪૫,૦૦૦/– ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એચ.શર્મા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૬૧૨/૨૦૨૫**

શહેરકોટડાઃ મેમ્કો પ્રેમનગર રાજસ્થાન વિડીયો ડૉ.ભાટીની ચાલી ખાતે શ્રવણકુમાર રામકરણ નિષાદ નાઓના સગીર વયનો પુત્ર તા.૧૦/૧૧/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ચાઈનીઝ દોરી વાળો પતંગ પકડવા જતા ટ્રેનનો વિજ વાયર પતંગની દોરીને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૧/૨૦૨૫ રાતના ૧૧/૪૫ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઉત્તમભાઇ બચુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી